
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ગુરૂજી તમારા જેવા ગુરૂ અને વિશ્વગુરુમાં શુ અંતર હોય તે સમજાવો...!!

# શહેરના સેકટર-૩-૬ કટ પાસે સર્જાયેલા અકસ્માતમાં વૃધ્ધાનું મૃત્યુ

ગાંધીનગર,તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૩-૬ ના કટ પાસે અજાણ્યા બાઈક ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે બાઈક હંકારી ચાલતા જતા વૃધ્ધાને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. બનાવમાં વૃધ્ધાને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે ગાંધીનગર અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ ખસેડાયા હતા.જયાં વૃધ્ધાનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયુ હતું. મળતી વિગત મુજબ મુળ વડનગરના રહેવાસી અને હાલ ગાંધીનગર સેકટર-૬ બ્લોક નં. ૮૩-૪ જ ટાઈપ ખાતે પ્રતિક જયેશભાઈ શાહ (ઉં.૩૭) માતા જયોતિબેન સાથે રહેતા હતા. જયારે તેઓ જુના સચિવાલય બ્લોક નં. ૧૯ ખાતે માહિતી નિયામકની કચેરીમાં જુનિયર કલાર્ક તરીકે છેલ્લા ૧૧ વર્ષથી ફરજ બજાવે છે. જયારે તેમના પિતા વર્ષ ૨૦૦૮માં બિમારીને પગલે મૃત્યુ પામ્યા હતા. જયારે ગત તા.૨૭ જુનના રોજ સવારે પોણા છ વાગે યુવકના માતા જયોતિબેન ઘરેથી ચાલતા ચાલતા સેકટર-૩ જૈન દેરાસર ખાતે દર્શન કરવા માટે નીકળ્યા હતા.તેઓ સમયસર ઘરે પરત ન ફરતા યુવક તેમને લેવા માટે નીકળ્યો હતો. પરંતુ માતાની તપાસ કરવા છતા તેઓ મળી આવ્યા ન હતા. જેથી સેકટર-૩ કટ પાસે બેઠેલા વડીલોને પુછપરછ કરતા તેઓએ જણાવ્યું કે સવારના છ વાગે ઘ-૨ થી ગ-૨ તરફ જતા રોડ પર સે-૩ કટ પાસે એક અજાણ્યા ટુ-વ્હીલર ચાલકે એક વૃધ્ધાને ટક્કર મારી હતી. ત્યારબાદ ટુ-વ્હીલર ચાલક ભાગી ગયો હતો. જયારે રાહદારીઓએ ૧૦૮ માં વૃધ્ધાને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડ્યા હતા. જેથી ફરીયાદી તાત્કાલીક સિવિલ દોડી પહોચ્યા હતા. પરંતુ સિવિલ ખાતે પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયા હતા. જેથી ફરીયાદી અને તેમના મોટાભાઈ અમદાવાદ સિવિલ હોસ્પિટલ જઈને જોયુ તો આઈસીયુ વોર્ડમાં તેમના માતાની સારવાર ચાલી રહી હતી. તેઓના માતા બેભાન હાલતમાં હતા. જયારે અમદાવાદ સિવિલમાં સારવાર દરમિયાન ગત તા.૨ જુલાઈના રોજ યુવકના માતા જયોતિબેનનું કરૂણ મૃત્યુ નિપજયુ હતું. બનાવ અંગે પ્રતિક શાહની ફરીયાદ નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં આવેલ જિલ્લાની કચેરીઓમાં આજે મુલાકાતીઓની સંખ્યા ખુબ ઓછી જણાઈ હતી.

● ગાંધીનગર શહેરમાં આજે દિવસ દરમ્યાન વરસાદ નથી નોંધાયો પણ ગરમી અસહ્ય લાગતી હતી એટલે પંખા સહિતના વીજ ઉપકરણો સતત ચાલુ રહ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટની સમસ્યા ચોમાસામાં વધુ વિકરાળ બની ઉભરી રહી છે.

● દહેગામના ઝાંક ગામે રબારી સમાજના ૭૨ પરગણાના લોકોએ સાથે મળીને ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવ્યો.

● કલોલથી શેરથા ગામ તરફ જતી કારમાંથી રૂ. એક લાખથી વધીની મત્તાનો દારૂ ઝડપાયો.

● ડભોડામાં એમ.એમ. વિદ્યામંદિર ખાતે ગુરૂપૂર્ણિમા ઉત્સવ ઉજવાયો.

● માણસા પોલીસે જૂના ખડાત ગામેથી વિદેશી દારૂ સાથે એક બુટલેગરને ઝડપી લીધો.

● દહેગામ પોલીસે ઝાંક ગામે જુગાર રમતા ૪ ઈસમોને ઝડપી લીધા.

● કલોલમાં સામાન્ય બાબતે પિતા-પુત્રએ યુવાન પર ધોકા વડે હુમલો કર્યો.

● શેરથા-કલોલ રોડ પર ગાડીમાંથી ૧૨.૩૦ લાખનો દારૂ પકડાયો.

● સે. ૬ તથા સે. ૩ ના કટ પાસે ચાલતા જતા વૃદ્ધાનું અજાણ્યા વાહનચાલકની ટક્કરથી ઈજાગ્રસ્ત થયેલ વૃદ્ધાનું સારવાર દરમ્યાન મોત.

● સે. ૨૦ અને સે. ૩ માં આવેલ સરકારી પ્રા. શાળામાં સિનીયર સિટીઝન કાઉન્સીલની મહિલા પાંખ દ્વારા ગૌરીવ્રત કરતી બાળાઓને વિવિધ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

● પાનસર ગામે જાયન્ટસ ગ્રૃપ દ્વારા ગૌરીવ્રતને લઈ ડ્રાયફ્રૂટનું વિતરણ કરાયુ હતુ.

● આજે શહેર ભાજપ, શહેર કોંગ્રેસ દ્વારા ગુરૂવંદનાના કાર્યક્રમોનું આયોજન કરાયુ હતુ.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય માર્ગો જે તુટી ગયા છે ત્યાં વેટ મિક્સ તાકીદે નાખવાની માંગ ઉઠવા પામી છે.

## મોટી આદરજ ગામેથી રૂ.૧ લાખથી વધુનો દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના મોટી આદરજ ગામે સરકારી પ્રાથમિક શાળાના પાછળના ભાગે આવેલા ઉકરડા પાસેથી રૂ. ૧લાખથી વધુ દારૂ બિયરની બોટલ કુલ નંગ-૮૧૬ એલસીબી-૧ પોલીસે ઝડપી પાડી છે. એલસીબી પોલીસે ૪ શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ એલસીબી-૧ પીઆઈ ડી.બી.વાળાની ટીમ કચેરી ખાતે હાજર હતી તે સમયે બાતમી મળી હતી કે મોટી આદરજ ગામે જુગનુ ઉર્ફે ભોલો બચુજી ઠાકોર વિદેશી દારૂનુ વેચાણ કરી રહ્યો છે.

જેથી પોલીસે તાત્કાલીક મોટી આદરજ ગામે ગઈ હતી. ત્યાં જુગનુ ઉર્ફે ભોલો ઠાકોર અને ભરત શકરાજી ઠાકોર તેના ઘરે જોવા મળ્યા હતા.

પોલીસે બંન્ને પકડી પાડી દારૂ અંગે પુછપરછ કરતા સરકારી પ્રાથમિક શાળાની બાજુમાં ઉકરડાની બાજુમાં પ્લાસ્ટીકના કોથળામાં સંતાડવામાં આવેલ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે તપાસ કરતા વિવિધ વિદેશી દારૂ-બિયરની ૮૧૬ નંગ બોટલ કિં.૧. ૧૨. ૯૬૮ જપ્ત કર્યો હતો. જયારે દારૂ ડભોડા માં રહેતા રાજદીપસિંહ ઝાલાના સંપર્કથી તેનો સાળો અર્જુનસિંહ ( રહે. વિરસોડા મહેસાણા) કલોલ આપી ગયો હતો. જયારે ભરત શકરાજી કલોલ બ્રિજ પાસે દારૂ લેવા માટે ગયો હતો. પોલીસે દાર-બિયરનો જથ્થો કબ્જે કરી તમામ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## માંડલ તાલુકાના તલાટીનો ફોન ગાંધીનગર ડેપોમાંથી ચોરાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર એસટી ડેપોમાંથી ગાંધીનગર માણસા બસમાં બેસવા જતા સમયે ભીડનો લાભ લઈ કોઈ અજાણ્યા શખ્સે મોબાઈલ સેરવી લીધો હતો.

બસમાં મોબાઈલ ચોરી થયા હોવાની જાણ થતા જ આસપાસના વિસ્તારમાં શોધખોળ હાથ ધરી હતી. જેથી બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ મુળ માંડલના અને ગાંધીનગર સેકટર-૧૧ સ્થિત હોટલ હવેલીની બાજુમાં કાચા છાપરામાં રહેતા રાજુભાઈ ગેલાભાઈ બામ્ભા (ભરવાડ) પરીવાર સાથે રહે છે. રાજુભાઈ માંડલ તાલુકાના રખિયાણા ગ્રામ પંચાયત ખાતે તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવે છે. રવિવારના રોજ સવારના નવ વાગ્યાના અરસામાં સામાજીક કામ માટે માણસા જવા માટે એસટી ડેપો ખાતે થી ગાંધીનગર થી માણસા જતી બસમાં બેસવા જતા સમયે મુસાફરોની ભીડભાડમાં ધક્કામુકી થઈ હતી. ત્યારબાદ તેઓએ પેંટના ખિસ્સામા મુકી રાખેલો ફોન જણાયેલ ન હતો. જેથી આસપાસમાં તપાસ કરતા ખાત્રી કરવા છતા મોબાઈલ મળી આવ્યો ન હતો. કોઈ અજાણ્યો ચોર શખ્સ મોબાઈલ ચોરી કરી લઈ જતો રહ્યો હતો. બનાવ અંગે યુવકે રૂ.૨૦ હજારના મોબાઈલ ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## સેકટર-૧૭ હનુમાનજી મંદિર પાસે પાણીનો બગાડ



શહેરના સેકટર-૧૭ હનુમાનજી મંદિર પાસે પાણીની લાઈનમાં લીકેજ થયુ હોવાથી સતત પાણી વહેતુ રહે છે. પાણી નજીકના રોડ પર જાણે વરસાદના ખોબચીયા ભરાયા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સેકટર-૧૭માં પાણીનો થતો બગાડ તાત્કાલીક અસરથી તંત્ર દ્વારા અટકાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## ઈન્ફોસીટી સ્કૂલ સરગાસણ ગુરૂપૂર્ણિમા



ગાંધીનગર, તા.૨૩

ઈન્ફોસીટી સ્કૂલમાં તા. ૩-૭-૨૩ને ગુરૂવારના રોજ ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી.

આ પર્વ નિમિત્તે અમારી શાળામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં ધો. ૬ થી ૧૦ના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના ઘણા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાંથી અમુક વિદ્યાર્થીઓએ ગુરૂપૂર્ણિમાના મહત્વને ઉજાગર કરતા વક્તવ્યો આપ્યા હતા. અમુક વિદ્યાર્થીઓએ ગીત તથા શ્લોકો ગાયા હતા. ભારતીય સંસ્કૃતિમાં હજારો વર્ષોથી ચાલી આવતી ગુરૂ-શિષ્યની પરંપરા તેના મહત્વ વિશે વિદ્યાર્થીઓએ સરસ રીતે સમજાવ્યું હતું. આ પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓ આપણી ભારતીય સંસ્કૃતિને જાણી શકે છે.

આ સંપૂર્ણ કાર્યક્રમ ગુજરાતી માધ્યમના પ્રિન્સિપાલ પ્રવિણામેડમ અને અંગ્રેજી માધ્યમના સુપરવાઈઝર દિપ્તીમેડમના નેતૃત્વ હેઠળ પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં અમારી શાળાના મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયા સર તથા પ્રમુખ વૈષ્ણવસર પણ હાજર રહ્યા હતા અને તેમણે દરેક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ચિલોડા બ્રહ્માકુમારી કેન્દ્ર દ્વારા ૩૫૦ જરૂરિયાતમંદોને રેઈનકોટનું વિતરણ





ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય ચિલોડા ખાતે ૨ જુલાઈ ૨૦૨૩, રવિવારે 'મનની એકાગ્રતા દ્વારા લક્ષ્યની પ્રાપ્તિ' વિષય પર એક સુંદર સ્નેહમિલન યોજાઈ ગયો. જેમાં મનની એકાગ્રતા દ્વારા લક્ષ્યની પ્રાપ્તિ વિષયને બ્રહ્માકુમારીઝ ચિલોડાના રાજયોગા ટીચર બી.કે. મીરાબેન દ્વારા દાખલા આપી સહજ રીતે સ્પષ્ટ કરવામાં આવેલ. પ્રસંગોપાત વ્યસનમુક્તિ પર સાચી સમજ દ્વારા ઉપસ્થિત સૌને ઈશ્વરીય શક્તિથી સજ્જ કરી વ્યસનમુક્તિની પ્રતિજ્ઞા કરાવવામાં આવી હતી. આ પ્રસંગે બ્રહ્માકુમારીઝ, ચિલોડા પ્રભારી રાજયોગિની આદરણીય તારાદીદીએ સૌ પર આર્શીવચન વર્ષા કરેલ અને વસંત મસાલા ડીપાર્ટમેન્ટના જનરલ મેનેજર ભ્રાતા પ્રત્યુશભાઈ ભટ્ટ અને સીનીયર પ્રોડકશન મેનેજર ભ્રાતા સર્વેસભાઈ ખંડુરીની વિશેષ ઉપસ્થિતિમાં વસંત મસાલા કંપનીના સહયોગથી વર્લ્ડ રીન્યુઅલ સ્પિરીચ્યુલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદોને રેઈનકોટનું વિતરણ કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંચ સચિવ બી.કે. શ્રુતિબેન દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે વસંત મસાલા ભંડાર પરિવાર દ્વારા જરૂરિયા તમંદોને અવારનવાર જીવન જરૂરિયાતની વસ્તુઓ આપી પોતાની સામાજીક જવાબદારીઓ ખૂબ જ સારી રીતે અદા કરવામાં આવી રહી છે. આ રીતે આજરોજ ૩૫૦ જેટલા મહિલાઓ અને પુરુષો બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, ચિલોડામાં હાજર રહ્યા હતા અને પરમપિતા પરમાત્મા શિવબાબાની યાદમાં શાંત વાતાવરણમાં રેઈનકોટ વિતરણનો કાર્યક્રમ ખૂબ શાંતિપૂર્વક સંપન્ન થયેલ. કાર્યક્રમ બાદ સૌના માટે પરમાતમ પ્રસાદ સ્વરૂપે ચા-ટોલીનું આયોજન પણ બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય દ્વારા કરવામાં આવી હતી.

## આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ ખાતે વાલી બેઠક યોજાઈ



ગાંધીનગર, તા. ૩

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી શાળામાં તા. ૧-૭-૨૩ને શનિવારના રોજ નવા વર્ષના શૈક્ષણિક આયોજનો અને પરીક્ષા અંગે વાલી મિત્રો માટે એક મિટિંગનું આયોજન રાખ્યુ હતુ.

જેમાં બહુ મોટી સંખ્યામાં વાલી ઉપસ્થિત રહી પોતાના બાળકો માટે જાગૃત છે તેનો પરિચય કરાવ્યો સાથે સાથે પ્રિન્સિપાલે સંસ્થા અને શાળાનો ઈતિહાસ, ભૂતપૂર્વ ચેરમેન અને વર્તમાન ચેરમેન સાહેબનો પરિચય કરાવ્યો હતો. શિક્ષક મિત્રોનો પરિચય આપી અને વર્ષ દરમિયાન થતા વિવિધ આયોજન, રમતો, શૈક્ષણિક પ્રવૃત્તિ તથા વાર્ષિક કાર્યક્રમની રૂપરેખા વાલી સમક્ષ પ્રોજેક્ટર રૂપે મુકી સાથે સાથે વર્ષ દરમિયાન આંતરિક કસોટી અને વાર્ષિક કસોટી કેવી રીતે લેવી, કેટલો ગુણભાર વગેરેની જાણકારી આપી બાળકોમાં શિસ્ત જળવાઈ રહે તે માટે કેટલાક સૂચનો કર્યા સાથે સાથે પૌષ્ટિક નાસ્તા માટે આગ્રહ રાખ્યો અને વોટ્સએપ અને એસ.એમ.એસ. દ્વારા બાળકોની હાજરી અને પરિણામની જાણ કરવામાં આવશે તેવી રજૂઆત કરી હતી.

## સમસ્ત બ્રહ્મસમાજ (માતૃસંસ્થા) સંલગ્ન મહિલા પાંખ દ્વારા સૂકા મેવા વિતરણ

ગાંધીનગર, તા. ૩

મહિલા પાંખના પ્રમુખ પ્રવિણાબેન વોરા તથા કારોબારીની બહેનોએ ગૌરીવ્રતની દીકરીઓ માટે સૂકા મેવાનું વિતરણ કર્યુ હતુ. સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૨૨માં વ્રતવાળી બાળાઓને મહેંદી કોન આપ્યા હતા. શાળાના તમામ વિદ્યાર્થીઓએ બ્રહ્મસમાજ મહિલા પાંખ સાથે મળીને ગૌરીવ્રતનો તહેવાર માણ્યો હતો.

## "આંત્રપેન્યોર બનવું તે સફળ કારકિર્દી નો શ્રેષ્ઠ વિકલ્પ" વિષય પર બીબીએ કૉલેજ ખાતે વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર,સેકટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજ ખાતે તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિ સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને આંત્રપેનયોર બની અન્યો માટે પણ રોજગાર સર્જન કરી વ્યવસાયની સાથે સાથે સમાજઉત્થાનનું ઉપયોગી કાર્ય પણ થઈ શકે તેમ જણાવ્યુ હતું તેમજ સમગ્ર સેમેસ્ટરમાં થનાર વિવિધ વર્કશોપમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ કૈક નવું મેળવવા તત્પર રહેવા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું.કોલેજ વતી આવકાર્યા હતા.ત્યારબાદ ઉપાચાર્ય તેમજ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટીના હેડ ડૉ.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને આજના વિષયની માહિતી આપી હતી. તેમજ સમગ્ર વ્યવસ્થા ગોઠવી હતી.અને આજના તજજ્ઞ નો પરિચય આપ્યો હતો જેમણે વિદ્યાર્થીઓને સફળ આંત્રપેન્યોર બનવા માટે



માર્ગદર્શિત કર્યા હતા.વર્કશોપમાં કુલ ૧૯૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.આજના મુખ્ય વક્તા ડૉ.પ્રશાંત સકસેના જેઓ (ઈડીઆઈ) ખાતે અધ્યાપક તરીકે સેવાઓ આપી રહ્યા છે તેઓએ વિદ્યાર્થીઓને ઉધોગ સાહસિક બનવા ફંડ મેળવવા ની પદ્ધતિઓ બાબતે સમજ આપી હતી તેમજ ચાલુ વ્યવસાય અને નવા સ્ટાર્ટઅપનેના પ્લાન બનાવવા વિષે તેમજ માર્કેટ કઈ રીતે મેળવી શકાય તેમાં ટેકનૉલોજીનુંશું મહત્વ છે વિદ્યાર્થીઓ એ મેળવેલ જ્ઞાન અને માહિતી નું સુયોગ્ય રીતે અમલીકરણ થાય.તોજ સફળતા પ્રાપ્ત થઈ શકે તેમ વધુમાં જણાવ્યું હતું.સાથેસાથે તેમણે અનેક સફળ ઉધોગ સાહસિકોના ઉદાહરણ આપી વિદ્યાર્થીઓને સમજાવ્યા હતા.તેમજ દેશ અને દુનિયાના અર્થતંત્રમાં ઉધોગ સાહસિકોનું મહત્વ પણ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. વિદ્યાર્થીઓને આ તાલીમ કાર્યક્રમમાંથી ઉજ્વ્વળ કારકિર્દીના ઘડતર માટે પ્રેરણા મળે.મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ સફળ આંત્રપેન્યોર બની શકે તે માટે તેમનો અભ્યાસક્રમ પણ તેમને ઉપયોગી થાય છે.સમગ્ર કાર્યક્રમ ડૉ.રમાકાન્ત પ્રસ્ટી નાં માર્ગદર્શન હેઠળ, ઉપાચાર્ય અને પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ.ડો.જયેશ તન્ના તેમજ ડો.આશિષ ભુવા, ડો.નીરવ જોશી, ડો.અમિતા પ્રજાપતિ, ડો.માર્ગી દેસાઈ સહિત કોલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક યોજવામાં આવ્યો હતો.

## ભાટ રાધે ફોર્ચ્યુન ગુલાબ પાન પાર્લર પાસેથી એકસેસની ઉઠાંતરી

ગાંધીનગર,તા.૩

ગાંધીનગરના ભાટ સ્થિત રાધે ફોર્ચ્યુન ગુલાબ પાન પાર્લરની સામે થી એકસેસની ચોરી થવા પામી છે. યુવકે આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતા મળી ન આવતા રૂ.૨૫ હજારના એકસેસ ચોરી અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. મળતી વિગત મુજબ અમદાવાદ નરોડા નંદવિહાર-૨ ખાતે શૈલેષકુમાર અંબાલાલભાઈ પટેલ પરિવાર સાથે રહે છે અને ઘી કાંટા ખાતે વકીલાતની પ્રેકટીસ કરે છે.તેઓની પાસે સુઝુકી એકસેસ નંબર- જી.જે.૧૮.સી.જી.-૮૫૮૫ નું હતું. ગત તા.૨૩ જુનના રોજ તેઓ ભાટ ગામે નારાયણી એવન્યુ ખાતે તેમના મિત્રના ઘરે આવ્યા હતા. ત્યારે મિત્રના દિકરો એકસેસ લઈને બપોરે બે વાગે ભાટ એપોલો સર્કલની બાજુમાં રાધે ફોર્ચ્યુનની બાજુમાં ગુલાબ પાન પાર્લરની સામે મુકીને ગાંધીનગર તરફ ગયો હતો.જયારે સાંજના આશરે સાત વાગે તે એકસેસ પાર્ક કરેલી જગ્યા પર લેતા જતા ન હતું.જેથી એકસેસની આજદીન સુધી આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હોવા છતા મળી ન આવતા અડાલજ પોલીસ મથકે એકસેસ ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં ગૌરી - વ્રત પૂજા ની ઉજવણી



સરગાસણની એ ની પ્રખ્યાત ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં "ગૌરી - વ્રત પૂજા " ની ઉજવણી કરવામાં આવી. જેમાં બાલિકાઓપરંપરગત પોશાક પહેરી જવેરા ની પૂજા કરાવવામાં એવું હતી. સંસ્થા દ્વારા બાલિકાઓ ને ફળ -ફળાદી ની વહેંચણી કરવામાં આવી હતી ના હેડ ટીચર ટ્વિંકલ નારિયા એ એ બાળકો ને ગૌરી - વ્રત તથા પૂજા નું મહત્વ સમજાવી જાગૃત કર્યા હતા. ડિવાઈન જુનિયર ના સ્થાપક શ્રીમતી ગીરાબેન ચૌધરી આવા દરેક કાર્યક્રમો યોજીને બાળકો નો સર્વાંગી વિકાસ કરી રાખ્યા છે.





જય અંબે પરિવાર ટ્રસ્ટ, ગાંધીનગરની સપ્તમ પંચવર્ષીય વર્ષની ઉજવણીના ભાગરૂપે આ વર્ષની પાંચમી પદયાત્રા ગુરૂ પૂર્ણિમાની સવારે સેક્ટર ૧૩/બીના શક્તિ ચોકથી વાસન મહાદેવ સુધીની પદયાત્રાથી પૂર્ણ કરવામાં આવી હતી. આ પરિવાર દ્વારા અધિક શ્રાવણ માસમાં આવતી ૨૬ તારીખથી હરિદ્વાર મુકામે ભાગવતાચાર્ય કલ્પેશભાઈ મહેતાના વ્યાસાસને 'શ્રીમદ્ ભાગવત કથા'નું આયોજન પણ કરવામાં આવ્યું છે.